PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૮/કવા–૦૩/૧૮–૧૯/ 11111 - 9 તા. 31-12-18

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**

ત્રવાડી અબ્બાસભાઈ નુરૂદિનભાઈ,

જીઆઇડીસી પ્લોટ નંબર 262

ગામ કુવાડવા

જીલ્લો રાજકોટ

**મો: ૭૬૦૦૦ ૧૭૦૫૨**

**વિષય :–ઈલેકટ્રીડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**

**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૧૨–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૬૮/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ**

**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ**

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com** સ્થળ : રાજકોટ

કમિટી મીટીંગ: તા. ૧૮–૧૨–૧૮

કેસ નં. : સીજીઆરએફ : ૬૮/કવા–૦૩/૧૮–૧૯

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ત્રવાડી અબ્બાસભાઈ નુરૂદિનભાઈ, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે તેમના ભાઈ ત્રવાડી જુજરભાઈ નુરૂદિનભાઈ હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)**

**રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ**

## : હુકમ :

**ફરીયાદ : ઈલેકટ્રીકડયુટી ના તફાવત ની રકમ રીફંડ મેળવવા માટે**

**પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**મુદ્દા નં.–૧ :** તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને,

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ... ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.<br>નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર ત્રવાડી અબ્બાસભાઈ નુરૂદિનભાઈ, ગામ: તેઓની અરજી ના નોધણી નંબર :૬૮/કવા–૦૩/૧૮–૧૯<br>અરજદાર ત્રવાડી અબ્બાસભાઈ નુરૂદિનભાઈ, ગામ: તેઓની અરજી મા જણાવે છે કે, તેઓના વીજજોડાણ શરૂ કર્યા થી વીજબીલ માં ૨૫ % લેખે વિદ્યુત શુલ્ક વસુલાતો હતો, પરંતુ – વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરી ના પત્ર તા.૦૫–૦૯–૦૭ મુજબ – શેડયુલ–૧ ની આઈટમ નં.–૫ મુજબ – તેઓના ઓર્ધોગીક વીજવપરાશ મુજબ ૧૦% લેખે વિદ્યુત શુલ્ક વસુલવા પાત્ર છે, જે બાબતે તેઓએ તા.૨૪–૦૬–૧૬ થી વિદ્યુત શુલ્ક સમાહર્તા કચેરી – ગાંધીનગર ને રજુઆત કરતા – તેઓની રજુઆત માન્ય રાખેલ છે, અને સબંધક કચેરીને – સદર વીજજોડાણ માં માહે જુલાઈ–૧૬ થી ૧૦% લેખે વિદ્યુત શુલ્ક વસુલવામાં આવે છે. પરંતુ, વીજજોડાણ રીલીઝ તારીખ થી માહે જુન–૧૬ સુધી ૨૫% લેખે વિદ્યુત શુલ્ક વસુલ કરેલ છે, તો તેના તફાવતની રકમ તેઓના વીજબીલ મા જમા આપવા માટે ન્યાયિક રજુઆત કરેલ છે. |

**પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**મુદ્દા નં.–૨ :** નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ,

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ત્રવાડી અબ્બાસભાઈ નુરૂદીનભાઈ દ્વારા અત્રેની વિભાગીય કચેરી હેઠળના કુવાડવા જી.આઈ.ડી.સી. પ્લોટ નંબર ૨૬૨ માં પાઈપ કટીંગ તથા ફર્નીચર ફીટીંગના હેતુ અંગે ૬૦ કિલોવોટના એક વીજ કનેક્શનની માંગણી તા. ૧૭.૦૧.૨૦૧૫ ના રોજ કરેલ. જે માટેની જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૪૦૦/- રસીદ નંબર ૩૧૩૪૪૩ તા. ૧૭.૦૧.૨૦૧૫ થી ભરપાઈ કરેલ. જેના આધારે સદર વીજ કનેક્શન તા.૧૮.૦૨.૨૦૧૫ ના રોજ ગ્રાહક નંબર : ૮૯૬૫૮/૦૫૫૧૭/૬ થી રીલીઝ કરવામાં આવેલ. વધુમાં જણાવવાનું કે, સંલગ્ન પે.વી.ક.ના બિલિંગ વિભાગ દ્વારા એ-૧ ફોર્મનાં ઉપયોગના હેતુમાં પાઈપ કટીંગ તથા ફર્નીચર ફીટીંગ દર્શાવેલ હોય જેના આધારે કંપનીના નીયમ મુજબ OTHERS હેતુના ઉપયોગને ગણી ૨૫% ઈલેક્ટ્રીક ડ્યુટી મુજબ ગણતરી કરી એલ.ટી. બીલીંગમાં રીલીઝ કરવામાં આવેલ.<br><br>ત્યારબાદ અરજદાર તેમના વીજ કનેક્શનમાં ૨૫% ઈલેક્ટ્રીક ડ્યુટી ના બદલે ૧૦% |

ઈલેક્ટ્રીક ડ્યુટી કરી આપવા બાબત તા. ૧૯.૦૩.૨૦૧૬ ના રોજ કુવાડવા પે.વી.ક.ને લેખીતમાં જાણ કરેલ. જેના અનુસંધાને કુવાડવા પે.વી.ક. દ્વારા અરજદારને કુવાડવા પે.વી.ક.ના પત્ર નંબર ડીઇ/કે.એસ.ડી./રેવ/૨૩૨૨ તા. ૨૩.૦૩.૨૦૧૬ થી અરજદારને જાણ કરેલ કે, અરજદાર દ્વારા સદર વીજ કનેક્શન લેતી વખતે એ-૧ ફોર્મમાં ઉદ્યોગના હેતુમાં પાઈપ કટીંગ તથા ફર્નીચર ફીટીંગના હેતુથી સદર વીજ કનેક્શન માંગેલ. જેથી કંપનીના નીયમ મુજબ ઈલેક્ટ્રીક ડ્યુટી ૨૫% લાગે છે. જે કંપનીના નીયમ અનુસાર યોગ્ય છે.

ત્યારબાદ અરજદાર દ્વારા કુવાડવા પે.વી.ક.ને તા. ૦૫.૦૪.૨૦૧૬ નાં રોજ લેખીતમાં જાણ કરેલ કે, સદર વીજ કનેક્શન લેવા માટેના એ-૧ ફોર્મમાં ઉદ્યોગનો હેતુ પાઈપ કટીંગ તથા ફર્નીચર ફીટીંગનો દર્શાવેલ છે. વધુમાં અરજદારે જણાવેલ કે, અમો હકીકતમાં પાઈપનું ઉત્પાદન અને ફર્નીચર બનાવીએ છીએ. આમ, અમોને અરજી ફોર્મ ભરવા અંગે પુરતી જાણકારી ન હોય શરતચૂકથી ભૂલથી એ-૧ ફોર્મમાં ફીટીંગનો ઉલ્લેખ કરેલ હતો.

ત્યારબાદ કુવાડવા પે.વી.ક. દ્વારા સદર બાબતે તેમના પત્ર નંબર ડીઇ/કે.એસ.ડી./રેવ./૪૯૬૨ તા. ૧૨.૦૭.૨૦૧૬ થી અરજદારને જાણ કરેલ કે, ઈલેક્ટ્રીક ડ્યુટી વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર દ્વારા નક્કી કરવામાં આવે છે અને તે બાબતે અરજદારે પોતે સંલગ્ન એલ.ટી. ઔદ્યોગિક વીજ કનેકશનના હેતુ મુજબ ઈલેક્ટ્રીક ડ્યુટી યોગ્ય લાગતી ન હોય તો વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર ને ઈલેક્ટ્રીક ડ્યુટી ૨૫% માંથી ૧૦% કરવા અંગેની અરજી સંલગ્ન દસ્તાવેજો સાથે કરવાની રહેશે. અને તેમના દ્વારા સ્થળ વેરિફિકેશન કરી, ઉદ્યોગના હેતુ મુજબ કેટલા ટકા ઈલેક્ટ્રીક ડ્યુટી લેવી તે નક્કી કરવામાં આવશે અને ઈલેક્ટ્રીક ડ્યુટીના તફાવતની રકમ, વીજ કનેક્શન લગાડવામાં આવેલ ત્યારથી બાદ આપવી કે, આપની હાલની અરજીની તારીખથી બાદ આપવી તે અંગે વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર દ્વારા નક્કી કરવામાં આવશે અને તેમના લેખીત પત્રના આધારે કંપનીના નીયમ મુજબ રીફંડ અંગેની આગળની કાર્યવાહી કુવાડવા પે.વી.ક. દ્વારા કરવામાં આવશે.

ત્યારબાદ અરજદાર દ્વારા સદર બાબતે તા.૨૩.૦૬.૨૦૧૬ ના રોજ સદર હેતુ અંગે વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર ખાતે રજૂઆત કરેલ. અને જેને અનુસંધાને વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર દ્વારા તેમના પત્ર નંબર જી./યદર/રાજકોટ/૭૫.૬.૧૬/૪૩૭૪ તા. ૧૩.૦૨.૨૦૧૭ થી કુવાડવા પે.વી.ક.ને લેખીતમાં જાણ કરેલ કે, સદર ગ્રાહકને તા. ૨૪.૦૬.૨૦૧૬ થી અધિનિયમનાં પ્રવર્તમાન પરીશિષ્ટ-૧ ની આઇટમ-૩ (બી) મુજબ ૧૦% પ્રમાણે વીજકર વસુલ કરવાનો રહેશે.

આમ, વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર દ્વારા તેમના પત્ર નંબર જી./યદર/રાજકોટ/૭૫.૬.૧૬/૪૩૭૪ તા. ૧૩.૦૨.૨૦૧૭ મુજબ સદર અરજદારને સદર વીજ કનેક્શન માટે તા. ૨૪.૦૬.૨૦૧૬ થી ૧૦% ઈલેક્ટ્રીક ડ્યુટી મુજબ જ બીલ આપવામાં આવે છે. વધુમાં, કનેક્શન રીલીઝ કર્યા તારીખ થી તા. ૨૪.૦૬.૨૦૧૬ સુધીના વીજ બીલમાં ૨૫% ઈલેક્ટ્રીક ડ્યુટી ના બદલે ૧૦% ઈલેક્ટ્રીક ડ્યુટીની ગણતરી કરી બાકીની ૧૫% ઈલેક્ટ્રીક ડ્યુટી રીફંડ માટેની

કોઈ સૂચના આપેલ ન હોવાથી જૂની રકમ બાદ આપવામાં આવેલ નથી.

અરજદાર દ્વારા સદર સ્થળ પર વીજ કનેક્શન લેવા માટે તા. ૧૭.૦૧.૨૦૧૫ ના રોજ અરજી કરેલ તે સમયે એ-૧ ફોર્મમાં પાઈપ કટીંગ તથા ફર્નીચર ફીટીંગના હેતુ માટે વીજ કનેક્શનની માંગણી કરેલ. જે અન્વયે કંપનીના નીયમ મુજબ ૨૫% ઈલેક્ટ્રીક ડ્યુટીની ગણતરી કરી વીજ બીલ પાઠવવામાં આવે છે. ત્યારબાદ અરજદાર દ્વારા ઉદ્યોગના હેતુફેર અંગે અત્રેની કુવાડવા પે.વી.ક.ને લેખીતમાં તા. ૦૫.૦૪.૨૦૧૬ એટલે કે આધારે ૧ વર્ષના લાંબા સમયગાળા બાદ જણાવેલ. જેથી સદર હેતુમાં ઈલેક્ટ્રીક ડ્યુટી અંગેનો ફેરફાર માત્ર વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર કચેરી દ્વારા જ થઇ શકે અને તેમના લેખીત પત્રની જાણ બાદ જ કુવાડવા પે.વી.ક. કંપનીના નીયમ મુજબ રીફંડ અંગેની આગળની કાર્યવાહી કરી શકે.

વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર દ્વારા તેમના પત્ર નંબર જી./યદર/રાજકોટ/૭૫.૬.૧૬/૪૩૭૪ તા. ૧૩.૦૨.૨૦૧૭ થી કુવાડવા પે.વી.ક.ને લેખીતમાં જાણ સદર ગ્રાહકને તા. ૨૪.૦૬.૨૦૧૬ થી અધિનિયમનાં પ્રવર્તમાન પરીશિષ્ટ-૧ ની આઇટમ-૩ (બી) મુજબ ૧૦% પ્રમાણે વીજકર વસુલ કરવાનો રહેશે. જેથી કુવાડવા પે.વી.ક. દ્વારા તા. ૨૪.૦૬.૨૦૧૬ થી ૧૦ % વીજકર મુજબ જ અરજદારને બીલ પાઠવેલ છે.

અરજદારે કનેક્શન લેવા માટે એ-૧ ફોર્મમાં પાઈપ કટીંગ તથા ફર્નીચર ફીટીંગના હેતુ માટે વીજ કનેક્શનની માંગણી કરેલ હોવાથી ઈલેક્ટ્રીક ડ્યુટી ૨૫% મુજબ જ બીલ આપવાનું થાય. અને એ-૧ ફોર્મમાં ઉદ્યોગના હેતુ જણાવવામાં અરજદારની ભૂલ હોય જેથી વીજ કનેક્શન રીલીઝ કર્યા તારીખ થી તા.૨૩.૦૬.૨૦૧૬ સુધીના ઈલેક્ટ્રીક ડ્યુટીની કોઈ રકમ રિફંડ આપવાની ન થાય.

**મુદ્દા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ત્રવાડી અબ્બાસભાઈ નુરૂદીનભાઈ દ્વારા અત્રેની વિભાગીય કચેરી હેઠળના કુવાડવા જી.આઈ.ડી.સી. પ્લોટ નંબર ૨૬૨ માં પાઈપ કટીંગ તથા ફર્નીચર ફીટીંગના હેતુ અંગે ૬૦ કિલોવોટના એક વીજ કનેક્શનની માંગણી તા. ૧૭.૦૧.૨૦૧૫ ના રોજ કરેલ. જે માટેની જરૂરી રજીસ્ટ્રેશન ચાર્જ રૂ.૪૦૦/- રસીદ નંબર ૩૧૩૪૪૩ તા. ૧૭.૦૧.૨૦૧૫ થી ભરપાઈ કરેલ. જેના આધારે સદર વીજ કનેક્શન તા.૧૮.૦૨.૨૦૧૫ ના રોજ ગ્રાહક નંબર : સંલગ્ન પે.વી.ક.ના બિલિંગ વિભાગ દ્વારા એ-૧ ફોર્મનાં ઉપયોગના હેતુમાં પાઈપ કટીંગ તથા ફર્નીચર ફીટીંગ દર્શાવેલ હોય જેના આધારે કંપનીના નીયમ મુજબ OTHERS હેતુના ઉપયોગને ગણી ૨૫% ઈલેક્ટ્રીક ડ્યુટી મુજબ ગણતરી કરી એલ.ટી. બીલીગમાં રીલીઝ કરવામાં આવેલ છે, જે |

ગણતરી કરી એલ.ટી. બીલીગમાં રીલીઝ કરવામાં આવેલ છે, જે યોગ્ય છે.

તેમજ અરજદાર દ્રારા ૨૫% ઈલેક્ટ્રીક ડ્યુટી માથી ૧૦% ઈલેક્ટ્રીક ડ્યુટી કરવા બાબતે ની અરજી તા.૨૩.૦૬.૨૦૧૬ ના રોજ વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર ખાતે રજૂઆત કરેલ. જે અનુસંધાને વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર દ્રારા તેમના પત્ર નંબર સદર ગ્રાહકને તા. ૨૪.૦૬.૨૦૧૬ થી અધિનિયમનાં પ્રવર્તમાન પરીશિષ્ટ-૧ ની આઇટમ-૩ (બી) મુજબ ૧૦% પ્રમાણે વીજકર વસુલ કરવાનો રહેશે. જે અનુસંધાને – સદર અરજદારને સદર વીજ કનેક્શન માટે તા. ૨૪.૦૬.૨૦૧૬ થી ૧૦% ઈલેક્ટ્રીક ડ્યુટી મુજબ જ બીલ આપવામાં આવે છે.

ઉપરોક્ત સદર બાબત ઈલેકટ્રીસીટી ડયુટી ને લગતી હોય – અરજદાર તેઓના ઈન્ડસ્ટ્રીઝ વીજ જોડાણ વીજજોડાણ ની રીલીઝ તારીખ થી ઈલેક્ટ્રીક ડ્યુટી ૨૫% માંથી ૧૦% કરવા અંગેની અરજી સંલગ્ન દસ્તાવેજો સાથે વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી, ગાંધીનગર ને કરવાની રહેતી હોય છે. જે અત્રે ના ફોરમ ના કાર્યક્ષેત્ર હેઠળ આવતુ ન હોય – જેથી, અરજદારની સદર રજુઆત ગ્રાહય રાખવામા આવતી નથી, તેમ સદર બાબતે – અત્રેની ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.